Received on :19-04-2024
Registered on:19-04-2024
Decided on :22-04-2025
Duration: Year Month Day
01 00 03

**પોરબંદરના નામદાર એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં.**

સેશન્સ કેસ નં. ૩૫/૨૦૨૪
મુળ કેસ બગવદર પોલીસ સ્ટેશન ફો.કેસ નં.૮૪૧/૨૦૨૪

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિ રુ દ્ધ**

(૧) રાજુભાઈ દુદાભાઈ સોલંકી,
ઉ.વ.૨૩, ધંધો.ડ્રાઈવીંગ
રહે.ગડુ ગામ,
તા.ભાણવડ જી.દેવભુમીદ્રારકા

(૨) ધીરૂભાઈ રામભાઈ હુણ,
ઉ.વ.૩૩,
રહે.પાસ્તરડી ગામ, વાડીવિસ્તાર,
તા.ભાણવડ જી.દેવભુમીદ્રારકા ..... આરોપીઓ.

**ગુન્હો :- આઇ.પી.સી. કલમ-૩૭૯, ૧૧૪, તથા એમએમઆરડી એકટની કલમ-૪(૧)અ તથા ૨૧ ...**

:::::::::: :::::::::: :::::::::: ::::::::::

**ફરીયાદ પક્ષે વિધ્વાન ડી.જી.પી.શ્રી એસ.બી.જેઠવા**
**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી વી.જી.પરમાર**

:::::::::: :::::::::: :::::::::: ::::::::::

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપીઓ વિરુદ્ધ આઇ.પી.સી. કલમ-૩૭૯, ૧૧૪, તથા

એમએમઆરડી એકટની કલમ–૪(૧)અ તથા ૨૧ મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામમાં ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ પોતાના કબ્જા હવાલાવાળા ટ્રેકટર રજી નંબર જી.જે.૩૭બી ૧૬૭૯ તથા નંબર વગરની ટ્રોલીમાં ગેરકાયદેસર રીતે રોયેલ્ટી કે પાસ પરવાના વગર બીલ્ડીંગ લાઇમ સ્ટોન આશરે ૪ (ચાર) ટન ની કિ.રૂા. ૨૦૦૦/–ની ચોરી કરી તેમજ ટ્રેકટર ટ્રોલી સહીત કી.રૂા૧,૬૦,૦૦૦/– કુલ કિમત રૂપીયા ૧,૬૨,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા પુછપરછ દરમિયાન આ કામના આરોપી નં.૧ એ આરોપી ન–૨ પાસેથી બીલ્ડીંગ લાઇમ સ્ટોન આશરે ૪ (ચાર) ટન વેચાતા લીધેલનુ જણાવતા બંને આરોપીઓએ એક બીજાને મદદગારી કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ બગવદર પો.સ્ટે.ગુ.ર.નં.ફસ્ટ ૨૬/૧૯ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુન્હાની તપાસ સોંપતા તેમજ સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે ત.ક.અ.શ્રીએ પોરબંદરના નામ. બીજા એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં ચાર્જશીટ કવામાં આવતા તે ફો.કે.નં. ૮૪૧/૨૦૨૪ તરીકે રજીસ્ટર કરવામાં આવેલ પરંતુ એમ.એમ.આર.ડી. ના કાયદાની કલમ–૪ ના ગુન્હા સંદર્ભે સદર કેસ ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને રહેલ હોય જેથી સદર કેસ કમીટ કરવામાં આવેલ અને ત્યારબાદ ઇન્સાફી કાર્યવાહી

ચલાવવા માટે અત્રેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ જેને સેશન્સ કેસ નં. ૩૫/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપીઓ આ અદાલત સમક્ષ ઉપિસ્થિત થતા આરોપીઓ વિરુદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૧)(બી) હેઠળ અત્રેની કોર્ટ દ્વારા આંક–૨૫ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીઓને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૨૬ અને ૨૭ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવાઓ :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો. | આંક |
|---|---|---|---|
| ૧. | સરમણભાઇ સવદાસભાઇ રાતીયા | સાહેદ | ૪૦ |
| ૨. | બાબુભાઇ જીવાભાઇ શીંગરખીયા | સાહેદ | ૪૧ |
| ૩. | દેવાભાઈ ભીખાભાઈ વિક્રમા | સાહેદ | ૪૩ |
| ૪. | વિપુલભાઈ મેરામણ ભાઈ બોરીચા | ફરીયાદી | ૪૪ |
| ૫. | ગંભીરસીંહ બળવંતસીંહ ગોહીલ | સાહેદ | ૫૩ |
| ૬. | મેરામણ ભાઈ મુળુભાઈ ઓડેદરા | સાહેદ | ૫૪ |
| ૭. | મહેબુબખાન હબીબખાન બેલીમ | સાહેદ | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૮. | દેવેન્દ્ર ધીરૂભા ગોહીલ | સાહેદ | ૫૭ |
| ૯. | ઉષાબેન ભીમશીભાઈ અખેડ | ત.ક.અ. | ૬૧ |

## દસ્તાવેજી પુરાવાઓ :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીને અટક કર્યાનુ તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૪૨ |
| ૨ | ફરીયાદ | ૪૫ |
| ૩ | પી એસ ઓ બગવદર તરફ ગુન્હો રજી.કરવા બાબતે કરવામાં આવેલ ફોરવડીગ પત્ર | ૫૫ |
| ૪ | ગુન્હાની એફ આઇ આરમાં કલમ ઉમેરો કરવા માટે સેકન્ડ એડિ.ચીફ જયુ.મેજી.સાહેબ પોરબંદરને કરેલ અસલ રીપોર્ટ | ૬૨ |
| ૫ | આરોપી ધીરૂ રામાભાઇ હુણને અટક કરેલા તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટે પી એસ ઓ બગવદરનાઓને કરેલ યાદી | ૬૩ |
| ૬ | અનુક્રમે વાહન ટ્રેકટર નંબર જી જે ૩૭ બી ૧૬૭૯ ની આર.સી.બુક તથા ટ્રેઇલર નંબર જી જે ૩૭ ટી ૩૧૯૯ ની આર.સી. બુક | ૬૪ અને ૬૫ |

(૬) ફરીયાદ પક્ષ તરફથી ડી.જી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરેલ છે.

(૭) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ અને ફરીયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવાનુ સ્વીકારેલ છે વધુમાં આરોપીએ આ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલ છે. અને બચાવનો કોઇ પુરાવો આપેલ નથી અને બચાવના કોઇ સાહેદો તપાસવા માંગતા નથી તેવુ જણાવેલ છે તથા આરોપીને તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, " અમોએ આવો

કોઇ કહેવાતો ગુનો કરેલો જ નથી અમો તદન નિર્દોષ છીએ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે. "

(૮) ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ડી.જી.પી.શ્રી એસ.બી.જેઠવા તથા આરોપી તરફે વિ.વ. શ્રી વી.જી.પરમાર ની દલીલો ધ્યાને લેવામા આવેલ છે અને  શ્રી વી.જી.પરમારની રજુઆત દલીલ મુજબ આઇ.પી.સી. અને માઇન્સની જોગવાઇઓ મુજબનો આરોપી સામેનો પોલીસનો કેસ અને આંક– ૧ની ચાર્જશીટ રજુ થયેલ છે જેમાં ફરીયાદી પો.કોન્સ. દેવેન્દ્ર ધીરૂભા ગોહીલ છે અને આરોપી સામે ખોટો પુરાવો એકત્રીત કરીને ખોટુ ચાર્જશીટ કરેલ છે તેમજ માઇન્સ એકટની લાગુ જોગવાઇઓ મુજબની કોઇ પરવાનગી કોર્ટની ફરીયાદ દાખલ કરતા અગાઉ લીધેલ નથી. તેમજ તપાસવામાં આવેલા સાહેદો પૈકી બે પંચ હોસ્ટાઇલ થયેલા છે.  કલમ–૨૨ની એમ.એમ.આર.ડી.ની જોગવાઇનો ભંગ કરાયેલ છે અને તે એમ.એમ.આર.ડી.ની ફરીયાદ પોલીસથી થઇ શકે નહીં આ કામે પોલીસે ફરીયાદ આપેલી છે જેથી તે મુજબની આ ફરીયાદ કોગનીજન્સ લઇ શકાય નહી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં શ્રી પરમાર ની વધુમાં દલીલ છે કે, બે પંચ હોસ્ટાઇલ છે તેઓ રૂબરૂ કોઇ પંચનામા થયા નથી કહેવાતી ગેરકાયદેસર રીતે રોયેલ્ટી કે પાસ પરવાના વગર બીલ્ડીંગ લાઇમ સ્ટોન બનાવવાળી જગ્યાએ ચોરી કરી લઇ જવા માટે ટ્રેકટરમાં ભરતા હોય ત્યારે તે સમયે ખાણ–ખનીજના કોઇ અધિકારી બોલાવ્યા નથી કે હાજર નથી અને  તે રીતે ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે તપાસમાં કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધ્યા નથી તપાસેલા તમામ પોલીસ સાહેદો છે

તેમજ ચોરીના સંદર્ભમાં જે આવશ્યક તત્વો ગુન્હા અંગેના રહેલા છે તેવા કોઇ પણ સ્વતંત્ર એવા પુરાવાથી સાબીત થતા નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામે ગુન્હો સાબીત કરવામાં નિષ્ફળ જાય છે તેમ ઠરાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુ દ્દા ઓ :**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ પોતાના કબ્જા હવાલાવાળા ટ્રેકટર રજી નંબર જી.જે.૩૭બી ૧૬૭૯ તથા નંબર વગરની ટ્રોલીમાં ગેરકાયદેસર રીતે રોયેલ્ટી કે પાસ પરવાના વગર બીલ્ડીંગ લાઇમ સ્ટોન આશરે ૪ (ચાર) ટન ની કિ.રૂા. ૨૦૦૦/-ની ચોરી કરી તેમજ ટ્રેકટર ટ્રોલી સહીત કી.રૂા૧,૬૦,૦૦૦/- કુલ કિમત રૂપીયા ૧,૬૨,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા પુછપરછ દરમિયાન આ કામના આરોપી નં.૧ એ આરોપી ન-૨ પાસેથી બીલ્ડીંગ લાઇમસ્ટોન આશરે ૪ (ચાર) ટન વેચાતા લીધેલનુ જણાવતા બંને આરોપીઓએ એક બીજાને મદદગારી કરેલ હોય અને તેમ કરીને આઇ.પી.સી. કલમ-૩૭૯, ૧૧૪, તથા એમએમઆરડી એકટની કલમ-૪(૧)અ તથા ૨૧ મુજબનો ગુન્હો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

૧. **"નકારમાં"**

૨. **આખરી હુકમ મુજબ.**

## : નિર્ણયના કારણો :

**મુદ્દા નં. ૧ :–**

(૧૧)ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસ્પુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષાની છે. જે મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે.

(૧૨)ઉપરોકત હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ તરીકે આંક–૪૦ થી સરમણભાઇ સવદાસભાઇ રાતીયાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમનો પુરાવો આપતા જણાવે છે કે, ગઇ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો તથા એ એસ આઇ એમ એમ ઓડેદરા, બેલીમ, પો.કોન્સ. દેવેન્દ્રસિંહ ધીરૂભાઇ, વિપુલ મેરામભાઇ એ રીતેના સ્ટાફના માણસો કલાક ૮/૦૦ થી બગવદર પો.સ્ટે. સરકારી વાહન પી.૧૨૪ માં પેટ્રોલીગમા હતા અને ફરતા ફરતા વાછોડા ગામે આવતાં એક ટ્રેકટર ટ્રોલી સાથે જેમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી મજકુર ટ્રેકટર ચાલકને રોકાવી બીલ્ડીગ લાઇમ સ્ટોન બાબતે રોયલ્ટી કે આધાર પુરાવા રજુ કરવાં જણાવતાં મજકુર પાસે નહી હોવાથી બે રાહદારી પંચોને બોલાવી ટ્રેકટર ચાલકનું નામ પુછતા રાજુ દુદાભાઇ સોલંકી રહે. ગડુ, તા. ભાણવડવાળો હોવાનું જણાવતાં અને ટ્રેકટરના નંબર જોતાં જી જે ૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઇ નંબર પ્લેટમાં નં બર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય

જેથી ટ્રેકટરની કિ.રૂા. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂા.૬૦૦૦૦/– તથા બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂા. ૨૦૦૦/– ગણી સાથેના એ. એસ. આઇ એમ.એમ. ઓડેદરાએ ક.૧૧/૦૫ થી કલાક ૧૧/૫૦ સુધીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ધોરણસર અટક કરી અને સાથેના પો.કોન્સ.વિપુલ મેરામણભાઇએ બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી.કરાવેલ. અમો આ કામગીરીમાં સાથે મદદમાં હોય જેથી આ કામના ત.ક.અ.એ અમોની પુછપરછ કરી અમોનું નિવેદન લીધેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો કયા વાહનમા પેટ્રો. માં હતા તેના નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ અમો કેટલા વાગ્યે પહોચેલા તેનો સમય મે આપેલી નિવેદનમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાછોડા ગામવાળો રોડ રસ્તો જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પંચોના નામ મે આપેલ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ખનિજ ખાતાના કોઇ અધિકારીનૃ જે તે વખતે જાણ કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો બનાવવાળી જગ્યાના સ્થાનિક રહીશો નથી. સવાલ : ખનીજ ચોરીની ફરીયાદ ખાણ ખનીજના સક્ષમ અધિકારીએ કોર્ટમાં કરવાની હોય છે તમને ફરીયાદ આપવાની રહેતી નથી ?જવાબ : ખનીજ ચોરીની આઇ પી સી ક.૩૭૯, ૧૧૪ ની ફરીયાદ છે. એ વાત ખરી નથી કે હકિકતમાં કામગીરી બતાવવામાં માટે અમારા સાથે કર્મચારીએ આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૨.૧)આ કામે ફરીયાદ પક્ષો સાહેદ નં. ૨ તરીકે આંક–૪૧ થી બાબુભાઇ જીવાભાઇ શીંગરખીયાને તપાસવામાં આવેલ છે અને તેઓને વિ.સરકારી વકીલશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૧૨.૨)આ કામે ફરીયાદ પક્ષો ફરીયાદી સાહેદ નં. ૩ તરીકે આંક–૪૩ થી દેવાભાઇ ભીખાભાઇ વિક્રમાને તપાસવામા આવેલ છે અને તેઓને વિ.સરકારી વકીલશ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૧૨.૩)આ કામમાં ફરીયાદ પક્ષના ફરીયાદી સાહેદ નં. ૪ તરીકે આંક–૪૪ થી વિપુલભાઇ મેરામણભાઇ બોરીચાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, ગઇ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો તથા એ એસ આઇ એમ એમ ઓડેદરા, બેલીમ, પો.કોન્સ. દેવેન્દ્રસિંહ ધીરૂભાઇ એ રીતેના સ્ટાફના માણસો કલાક ૮/૦૦ થી બગવદર પો.સ્ટે. સરકારી વાહન પી.૧૨૪ માં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા વાછોડા ગામે આવતાં એક ટ્રેકટર ટ્રોલી સાથે જેમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી મજકુર ટ્રેકટર ચાલકને રોકાવી બીલ્ડીગ લાઇમ સ્ટોન બાબતે રોયલ્ટી કે આધાર પુરાવા રજુ કરવાં જણાવતાં મજકુર પાસે નહી હોવાથી બે રાહદારી પંચોને બોલાવી ટ્રેકટર ચાલકનું નામ પુછતા રાજુ દુદાભાઇ સોલંકી રહે. ગડુ, તા. ભાણવડવાળો હોવાનું જણાવતાં અને ટ્રેકટરના નંબર જોતાં જી જે ૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઇ નંબર પ્લેટમાં નં બર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી ટ્રેકટરની કિ.રૂા. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂા.૬૦૦૦૦/– તથા

બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂા. ૨૦૦૦/– ગણી સાથેના એ. એસ. આઈ એમ.એમ. ઓડેદરાએ ક.૧૧/૦૫ થી કલાક ૧૧/૫૦ સુધીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ધોરણસર અટક કરી અને મે બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી.કરાવેલ.

(૧૨.૪)આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં. ૫ તરીકે આંક–૫૩ થી ગંભીરસીંહ બળવંતસીંહ ગોહીલને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો બગવદર પો.સ્ટે.મા પી એસ આઈ તરીકે નોકરી પર હતા. તે દરમ્યાન બગવદર પો.સ્ટે.ના પી એસ ઓ કે એ ગોસ્વામીએ ફર્સ્ટ ગુ.ર.નં. ૨૬/૧૯ આઇ પી સી કલમ–૩૮૯ તથા ખાણ ખનીજ  હેરફેર તથા સંગ્રહ અધિનિયમની કલમ–૩,૫,૬,૮,૧૩ મુજબનો ગુન્હો રજી.કરી આગળની તપાસ અમોને સોપતા જે વંચાણે લેતાં ફરીયાદી વિપુલભાઇ મેરામણ બોરીચા એસ ઓ જી, પી.સી પોરબંદર તેમજ તેઓના સ્ટાફના પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન વાછોડા ગામ પાસે એક ટ્રેકટર બીલ્ડીગ સ્ટોન ભરેલ મળી આવતાં તેની પાસે રોયલ્ટી માંગતા નહી હોવાથી આરોપી રાજુ દુદા ભરવાડ રહે.ગડુ ગામ તા.ભાણવડ ટ્રેકટરના નંબર જોતાં જી જે ૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં  બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઇ નંબર પ્લેટમાં નંબર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી ટ્રેકટરની કિ.રૂા. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂા.૬૦,૦૦૦/– તથા  બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂા. ૨૦૦૦/– ગણી સાથેના એ. એસ. આઈ એમ.એમ. ઓડેદરાએ ક.૧૧/૦૫ થી કલાક ૧૧ /૫૦ સુધીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ધોરણસર અટક કરી

અને સાથેના પો.કોન્સ.વિપુલ મેરામણભાઈએ બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી.કરાવેલ. તપાસના કામે મુદામાલ મળેલ જે વં ચાણે લઈ તપાસના કામે સામેલ રાખેલ અને આરોપીના ચહેરા નિશાન પત્રક, એરેસ્ટના કામે સામેલ રાખેલ અને એસ ઓ જી સ્ટાફના કોન્સ.ના નિવેદનો લીધેલ અને આરોપી રાજુભાઈ દુદાભાઈનું નિવેદન લીધેલ તેમજ ધીરૂભાઈ રામભાઈ હુણ ખાણ માલીકનું ટ્રેકટર તથા ટ્રેકટરના માલીક ધીરૂભાઈ રામભાઈ હુણ હોય જેથી વિગતવારનું નિવેદન લઈ તપાસના કામે સામેલ રાખેલ અને આ કામના આરોપીને નામદાર કોર્ટમાં પ્રોડકશન રીપોર્ટથી રજુ કરેલ. બાદ અમારી ટ્રાન્સફર થઈ જતાં આગળની તપાસ બી.યુ.અખેડ સાહેબશ્રીએ સંભાળી લીધેલ.

આરોપી પક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન તેમના લખાવ્યા જણાવ્યા મુજબના નહી પરંતુ ફરીયાદને અનુરૂપ મે મારી જાતે લખી લીધેલા છે. એ વાત ખરી નથી કે, મે કોઈ આરોપીના નિવેદન લીધેલા નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદી અમારા પોલીસ સ્ટાફના કર્મચારી હોય તેથી તેઓએ આપેલી ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી ખોટી જુબાની આપુ છુ.

(૧૨.૫)આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૬ તરીકે આંક-૫૪ થી મેરામણભાઈ મુળુભાઈ ઓડેદરાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો તથા સરમણભાઈ રાતીયા તથા બેલીમ, પો.કોન્સ. દેવેન્દ્રસિંહ ધીરૂભાઈ, વિપુલ મેરામભાઈ

એ રીતેના સ્ટાફના માણસો કલાક ૮/૦૦ થી બગવદર પો.સ્ટે. સરકારી વાહન પી.૧૨૬ માં પેટ્રોલીગમા હતા અને ફરતા ફરતા વાછોડા ગામે આવતાં એક ટ્રેકટર ટ્રોલી સાથે જેમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી મજકુર ટ્રેકટર ચાલકને રોકાવી બીલ્ડીગ લાઇમ સ્ટોન બાબતે રોયલ્ટી કે આધાર પુરાવા રજુ કરવાં જણાવતાં મજકુર પાસે નહી હોવાથી બે રાહદારી પંચોને બોલાવી ટ્રેકટર ચાલકનું નામ પુછતા રાજુ દુદાભાઇ સોલંકી રહે. ગડુ, તા. ભાણવડવાળો હોવાનું જણાવતાં અને ટ્રેકટરના નંબર જોતાં જી જે ૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઇ નંબર પ્લેટમાં નં બર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી ટ્રેકટરની કિ.રૂ. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂ.૬૦૦૦૦/- તથા બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂ. ૨૦૦૦/- ગણી અમોએ ક.૧૧/૦૫ થી કલાક ૧૧/૫૦ સુધીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ધોરણસર અટક કરી અને સાથેના પો.કોન્સ.વિપુલ મેરામણભાઇએ બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી. કરાવેલ. અમો આ કામગીરીમાં સાથે મદદમાં હોય.

બચાવપક્ષે કરવામાં આવેલી આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો કયા વાહનમાં પેટ્રો. માં હતા તેના નં બર લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ અમો કેટલા વાગ્યે પહોચેલા તેનો સમય મે આપેલી નિવેદનમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાછોડા ગામવાળો રોડ રસ્તો જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પંચોના નામ મે આપેલ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ખનિજ ખાતાના કોઇ અધિકારીનૃ

જે તે વખતે જાણ કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો બનાવવવાળી જગ્યાના સ્થાનિક રહીશો નથી. એ વાત ખરી નથી કે, મે પંચનામુ ફરીયાદને અનુરૂપ પાછળથી તૈયાર કરી તેમાં પાછળથી પંચોની સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે હકિકતમાં કામગીરી બતાવવામાં માટે અમારા સાથે કર્મચારીએ આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૨.૬)આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૭ તરીકે આંક–૫૬ થી મહેબુબખાન હબીબખાન બેલીમને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો તથા સરમણભાઈ રાતીયા તથા પો.કોન્સ. દેવેન્દ્રસિંહ ધીરૂભાઈ, વિપુલ મેરામભાઈ એ રીતેના સ્ટાફના માણસો કલાક ૮/૦૦ થી બગવદર પો.સ્ટે. સરકારી વાહન પી.૧૨૬ માં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા વાછોડા ગામે આવતાં એક ટ્રેકટર ટ્રોલી સાથે જેમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી મજકુર ટ્રેકટર ચાલકને રોકાવી બીલ્ડીગ લાઇમ સ્ટોન બાબતે રોયલ્ટી કે આધાર પુરાવા રજુ કરવાં જણાવતાં મજકુર પાસે નહી હોવાથી બે રાહદારી પંચોને બોલાવી ટ્રેકટર ચાલકનું નામ પુછતા રાજુ દુદાભાઈ સોલંકી રહે. ગડુ, તા. ભાણવડવાળો હોવાનું જણાવતાં અને ટ્રેકટરના નંબર જોતાં જી જે ૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઈ નંબર પ્લેટમાં નંબર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી ટ્રેકટરની કિ.રૂા. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂા.૬૦૦૦૦/– તથા બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂા. ૨૦૦૦/– ગણી અમોએ ક.૧૧/૦૫ થી

કલાક ૧૧/૫૦ સુધીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ધોરણસર અટક કરી અને સાથેના પો.કોન્સ.વિપુલ મેરામણભાઈએ બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી. કરાવેલ. અમો આ કામગીરીમાં સાથે મદદમાં હોય.

બચાવપક્ષે કરવામાં આવેલી આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો કયા વાહનમાં પેટ્રો. માં હતા તેના નં બર લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ અમો કેટલા વાગ્યે પહોચેલા તેનો સમય મે આપેલી નિવેદનમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાછોડા ગામવાળો રોડ રસ્તો જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પંચોના નામ મે આપેલ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ખનિજ ખાતાના કોઈ અધિકારીનૃ જે તે વખતે જાણ કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો બનાવવાળી જગ્યાના સ્થાનિક રહીશો નથી. એ વાત ખરી નથી કે હકિકતમાં કામગીરી બતાવવામાં માટે અમારા સાથે કર્મચારીએ આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૨.૭)આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૮ તરીકે આંક–૫૭ થી દેવેન્દ્રસીંહ ધીરૂભા ગોહીલને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૦૪/૦૮/૨૦૧૯ ના રોજ અમો તથા સરમણભાઈ રાતીયા તથા પો.કોન્સ. દેવેન્દ્રસિંહ ધીરૂભાઈ, વિપુલ મેરામભાઈ એ રીતેના સ્ટાફના માણસો કલાક ૮/૦૦ થી બગવદર પો.સ્ટે. સરકારી વાહન પી.૧૨૬ માં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા વાછોડા ગામે આવતાં એક ટ્રેકટર

ટ્રોલી સાથે જેમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી મજકુર ટ્રેકટર ચાલકને રોકાવી બીલ્ડીગ લાઇમ સ્ટોન બાબતે રોયલ્ટી કે આઘાર પુરાવા રજુ કરવાં જણાવતાં મજકુર પાસે નહી હોવાથી બે રાહદારી પંચોને બોલાવી ટ્રેકટર ચાલકનું નામ પુછતા રાજુ દુદાભાઇ સોલંકી રહે. ગડુ, તા. ભાણવડવાળો હોવાનું જણાવતાં અને ટ્રેકટરના નંબર જોતાં જી જે ૩૭ બી ૧૬૭૯ ના હોય અને ટ્રોલીમાં બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેમા કોઇ નંબર પ્લેટમાં નં બર લખેલ ન હોય અને આશરે ૪ ટન જેટલા બીલ્ડીગ લાઇમ સ્ટોન ભરેલ હોય જેથી ટ્રેકટરની કિ.રૂા. એક લાખ તથા ટ્રોલી ની કિમત રૂા.૬૦૦૦૦/- તથા બીલ્ડીગ લાઇમ સ્ટોન ની કિ.રૂા. ૨૦૦૦/- ગણી સાથેના એ એસ આઇશ્રીએ ક.૧૧/૦૫ થી કલાક ૧૧/૫૦ સુઘીનું પંચનામુ કરી મુદામાલ કબ્જે કરી મજકુરને ઘોરણસર અટક કરી અને સાથેના પો.કોન્સ.વિપુલ મેરામણભાઇએ બગવદર પો.સ્ટે.માં ફરીયાદ રીપોર્ટ આપી ગુન્હો રજી. કરાવેલ. અમો આ કામગીરીમાં સાથે મદદમાં હોય.

બચાવપક્ષે કરવામાં આવેલ આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમો કયા વાહનમાં પેટ્રો. માં હતા તેના નં બર લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ અમો કેટલા વાગ્યે પહોચેલા તેનો સમય મે આપેલી નિવેદનમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાછોડા ગામવાળો રોડ રસ્તો જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પંચોના નામ મે આપેલ નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ખનિજ ખાતાના કોઇ અઘિકારીનૃે જે તે વખતે જાણ કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો બનાવવાળી જગ્યાના સ્થાનિક રહીશો નથી.

એ વાત ખરી નથી કે હકિકતમાં કામગીરી બતાવવામાં માટે અમારા સાથે કર્મચારીએ આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૨.૮)આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૯ તરીકે આંક–૬૦ થી ઉષાબેન ભીમશીભાઇ અખેડને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની શરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૯ માં હું ઉધોગનગર પો.સ્ટે.માં પી એસ આઇ તરીકે ફરજ બજાવતી હતી તે દરમ્યાન ઉધોગનગર થી મારી બદલી બગવદર પો.સ્ટે.માં થતાં મે બંગવદર પો.સ્ટે.માં પી એસ આઇ તરીકેનો ચાર્જ સંભાળેલ.બગવદર પો.સ્ટે. ગુ.ર.નં.૨૭/૧૯ ના ગુન્હાની તપાસ મારા અગાઉના પી એસ આઇ જી બી ગોહીલનાઓએ કરેલ. જેથી તેઓએ કરેલ તપાસ પેપર્સથી વાકેફ થયેલ. તા.૮/૧૧/૧૯ ના આરોપી ધીરૂભાઇ રામભાઇ હુણ, રહે.પાસ્તરડીવાળો સ્વખુશીથી પો.સ્ટે. આવેલ અને અમોએ અટક કરેલ. તેનું ચહેરા નિશાન પત્રક ભરેલ,ફોટાફીંગર કરાવેલ અને આ કામે આરોપીની જરૂરીયાત ન હોયથી જેથી કોર્ટમાં રજુ કરેલ અને તા.૧૦/૧૧/૧૯ ના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જેથી ચાર્જશીટ કરેલ.

(૧૩)આમ, ઉપરોકત ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા ફરીયાદ પક્ષનો મુખ્યત્વે આક્ષેપ એવો છે કે, આ કામના આરોપીઓએ પોતાના કબ્જા હવાલાવાળા ટ્રેકટર રજી નંબર જી.જે.૩૭બી ૧૬૭૯ તથા નંબર વગરની ટ્રોલીમાં ગેરકાયદેસર રીતે રોયેલ્ટી કે પાસ પરવાના વગર બીલ્ડીંગ લાઇમ સ્ટોન આશરે ૪ (ચાર) ટન ની કિ.રૂા. ૨૦૦૦/–ની

ચોરી કરી તેમજ ટ્રેકટર ટ્રોલી સહીત કી.રૂા૧,૬૦,૦૦૦/– કુલ કિમત રૂપીયા ૧,૬૨,૦૦૦/–ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા પુછપરછ દરમિયાન આ કામના આરોપી નં.૧ એ આરોપી ન–૨ પાસેથી બીલ્ડીંગ લાઇમ સ્ટોન આશરે ૪ (ચાર) ટન વેચાતા લીધેલનુ જણાવતા બંને આરોપીઓએ એક બીજાને મદદગારી કરેલ હોય તે મુજબનો આક્ષેપ આરોપી સામે રહેલ છે અને જેની ફરીયાદ વિપુલભાઇ મેરામણભાઇ બોરીચા એટલે કે, પોલીસ કોન્સ. થી અપાયેલ છે. હવે માઇન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ–૨૨ તથા ૨૪ ની જોગવાઇ આ તબકકે વંચાણે લેવી ન્યાયીક જણાય છે જે નીચે મુજબ છે.

**22. Cognizance of offences.—**No court shall take cognizance of any offence punishable under this Act or any rules made thereunder except upon complaint in writing made by a person authorised in this behalf by the Central Government or the State Government.

**24. Power of entry and inspection.—**(1) For the purpose of ascertaining the position of the working, actual or prospective, of any mine or abandoned mine or for any other purpose connected with this Act or the rules made thereunder, any person authorised by the 1 [Central

Government or a State

Government] in this behalf, by general 2 *** order, may—

(a) enter and inspect any mine;

(b) survey and take measurements in any such mine;

(c) weigh, measure or take measurements of the stocks of minerals lying at any mine;

(d) examine any document, book, register, or record in the possession or power of any person having the control of, or connected with, any mine and place marks of identification thereon, and take extracts from or make copies of such document, book, register or record;

(e) order the production of any such document, book, register, record, as is referred to in clause (d); and

(f) examine any person having the control of, or connected with, any mine.

(2) Every person authorised by the 1 [Central Government or a State Government] under sub-section (1) shall be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code, and every person to whom an order or summons is issued by virtue of the powers conferred by clause (e) or clause (f) of that sub-section shall be legally bound to comply with such order or summons, as the case may be.

ઉપરોકત જોગવાઈના સંદર્ભે જોવામાં આવે તો આ કામના ફરીયાદી દ્વારા હાલની કહેવાતી ફરીયાદ બગવદર પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ છે પરંતુ તે કોને આપી તે સબંધે કોઈ સ્પષ્ટતા કરવામાં આવતી નથી કે તેવા

કોઇ પોલીસ સાહેદને આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં જોવામાં આવે તો ફરીયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના ગુન્હાની આક્ષેપિત ફરીયાદ કયાં કરવી તેની કોઇ પણ સ્પષ્ટતા કે તેવો કોઇ કાયદામાન્ય કે આધારભુત પુરાવો ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવતો નથી.

(૧૪) હાલના કામની ફરીયાદ જયારે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદ બાદ પોલીસે આ કામે ચાર્જશીટ કરતા પહેલા કોઇ કેન્દ્ર સરકાર અથવા તો રાજય સરકાર દ્વારા કોઇ લેખિત સત્તા, અધિકાર આપવામાં આવેલ હોય તે બાબતે અથવા તો તે અંગેનો કોઇ પુરાવો ફરીયાદીએ તેમની આંક-૪૪ ની જુબાનીમાં પુરાવા દરમ્યાન રજુ કરેલ નથી. આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેતા બચાવપક્ષાની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદ દરમ્યાન બનાવ સ્થળે ખાણ ખનિજ ખાતાના કોઈ અધિકારીને સ્થળ પર બોલાવવામા આવેલ નથી. આમ આ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીને ફરીયાદ કરવાની સત્તા અધિકાર છે કે કેમ ? તે બાબતે કોઇ સ્પષ્ટતા કે ખુલાસો પ્રોશીકયુશન તરફે કરવામાં આવેલ નથી. આમ આરોપી હાલના કહેવાતા ગુના સાથે સંકળાયેલ હોય તેવુ જણાય આવતુ નથી.

(૧૫) આ કામે બનાવવાળી જગ્યા એ ખાણ વિસ્તાર હતો અને ફરીયાદી તથા સાહેદોના પુરાવા મુજબ બનાવવાળી જગ્યાની બાજુમાં અન્ય માણસો હોવાનું જણાવેલ છે પરંતુ તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો હાલના કામે લેવામાં આવેલ નથી કે તેઓને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી તેમજ તે બાબતે ત.ક.અ.શ્રી દ્વારા કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી.

(૧૬)આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતે ક્રિમીનલ અપીલ નં.૧૯૨૦/૨૦૧૯ (એસ.સી.) કનવરપાલ સીંઘ–વિરૂધ્ધ–સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ અને બીજાઓનો ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એમ.એમ.ડી.આર. એકટની કલમ–૨૨ માં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨(સી), ૨(ડી), ૨(એચ)ની જોગવાઈ વંચાણે લઈ નામદાર સુપ્રિમકોર્ટે સદરહું ચુકાદામાં ૨૦૧૪(૯) એસ.સી.સી. ૭૭૨ માં પ્રસિધ્ધ થયેલ રાજય (એન.સી.ટી. ઓફ દિલ્હી) વિરૂધ્ધ સંજયનો ચુકાદો રીફર કરેલ છે. નામદાર સુપ્રિમકોર્ટે ઉપરોકત ચુકાદાના પેરા–૧૧ માં એવુ ઠરાવેલ છે કે,...

"After referring to Section 26 of the General Clauses Act and the meaning of the expression 'same offence', to observe that the offence under Section 21 read with Section 4 of the Mines Regulation Act and Section 379 of the IPC are different and distinct. The aforesaid reasoning compels us to reject the contention of the appellant that the action as impugned in the FIR is a mere violation of Section 4 which is an offence cognizable only under Section 21 of the Mines Regulation Act and not under any other law. There is no bar on the Court from taking cognizance of the offence under Section 379 of the IPC. We would also observe that the violation of Section 4 being a

cognizable offence, the police could have always investigated the same, there being no bar under the Mines Regulation Act, unlike Section 13(3)(iv) of the TOHO Act."

(17) નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશ્યલ ક્રિમીનલ અપીલ નં.૬૮૫૫/૨૦૨૦ તથા સ્પેશ્યલ ક્રિમીનલ અપીલ નં.૩૯૨૩/૨૦૨૦ (એચ.સી.) કાલીયા ચીરાગ ભરતભાઈ- વિરૂધ્ધ-સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો રીફર કરેલ છે. સદરહું ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૩૭૯, ૧૧૪ અને ૧૨૦ (બી), એમ.એમ.ડી.આર.ની કલમ-૪(૧એ), ૨૧(૧), ૨૧(૪), ૨૧(૪)(એ) તથા ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ, ૨૦૧૭ ની કલમ-૩, ૨૧, ૨૧(એ) ની છણાવટ કરી સદરહું ચુકાદાના પેરા-૭.૪ માં એવુ ઠરાવેલ છે કે,...

"Considering the fact that otherwise also, even believing the allegation made in the F.I.R. for the sake of argument, then also the offences under the provisions of Mines and Minerals Development and Regulation) Act, 1957 and Sections 379, 114 & 120(b) of the L.P.C. cannot be clopped together. Moreover, the prayers made in the present applications and moreover considering the fact

that the applicants have not played any active role or have taken any active participation in the commission of crime, continuation of present proceeding against the respective applicants pursuant to the impugned F.I.R. will amount to abuse of process of law and will create undue hardship of the applicant(s)."

(૧૮)નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ મીસ, એપ્લીકેશન નં.૬૮૩૦/૨૦૧૯ ઉલ્લાસભાઈ લાભુભાઈ બાબરીયા–વિરૂધ્ધ–સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો રીફર કરેલ છે. સદરહું ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એમ.એમ.ડી.આર.ની કલમ–૨૨ વંચાણે લઈ નામદાર સુપ્રિમકોર્ટે ક્રિમીનલ અપીલ નં.૨૧૦૫/૨૦૧૩ નો ચુકાદો રીફર કરેલ છે, જે ચુકાદાના પેરા–૫૭, ૫૮, ૫૯ અને ૬૦ માં એવુ ઠરાવેલ છે કે,...

57. Sub–section (IA) of Section 4 of the MMDR Act puts a restriction in transporting and storing any mineral otherwise than in accordance with the provisions of the Act and the rules made thereunder. In other words no person will do mining activity without a valid lease or license. Section 21 is a penal provision according to which if a person contravenes the provisions of Subsection (1A) of Section 4 shall be prosecuted and punished in the

manner and procedure provided in the Act. Sub–section (6) has been inserted in Section 4 by amendment making the offenc cognizable notwithstanding anything contained in the Cod of Criminal Procedure 1973.

58.Section 22 of the Act puts a restriction on the court to take cognizance of any offence punishable under the Act or any rule made thereunder except upon a complaint made by a person authorized in this behalf.

59. It is very important to note that Section 21 does not begin with a non–obstante clause. Instead of the words notwithstanding anything contained in any law for the time being in force no court shall take cognizance&.., the Section begins with the words no court shall take cognizance of any offence.

60. It is well known that a non–obstante clause is a legislative device which is usually employed to give overriding effect to certain provisions over some contrary provisions that may be found either in the same enactment or some other enactment, that is to say, to

avoid the operation and effect of all contrary provisions.

(૧૯)આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ એન.સી.ટી. ઓફ દિલ્હી વિ. સંજયનો ૨૦૧૪(૦) એઆઈજેઈએલ–સુપ્રિમકોર્ટ ૫૫૬૫૯ (ક્રિમીનલ અપીલ નં.૪૯૯ /૨૦૧૧, તા.૦૪/૦૯/૨૦૧૪) ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેમા પણ ઠરાવેલ છે કે,....

"Section 22 of the Act puts a restriction on the court to take cognizance of any offence punishable under the Act or any rule made thereunder except upon a complaint made by a person authorised in this behalf."

ઉપરોકત ચુકાદાના પેરા–૫૦ તથા પેરા–૭૦ માં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે,..."50. It is well known principle that the rule against double jeopardy is based on a maxim nemo debet bis vexari pro una et eadem causa, which means no man shall be put in jeopardy twice for one and the same offence. Article 20 of the Constitution provides that no person shall be prosecuted or punished for the offence more than once. However, it is also settled that a subsequent trial or a prosecution and punishment has no bar if the ingredients of the two offences are distinct."

"70. From a close reading of the provisions of MMDR Act and the offence dened under Section 378, IPC, it is manifest that the ingredients constituting the offence are different. The contravention of terms and conditions of mining lease or doing mining activity in violation of Section 4 of the Act is an offence punishable under Section 21 of the MMDR Act, whereas dishonestly removing sand, gravels and other minerals from the river, which is the property of the State, out of State's possession without the consent, constitute an offence of theft."

(૨૦)આરોપી સામે માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ (એમ.એમ.ડી.આર.) તથા ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) મુજબના ગુનાનો આક્ષેપ છે. કાયદાની કલમ–૨૨ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

"Section 22 of Mines and Mineral (Development and Regulation) Act. 1957 (in short the MMDR Act).:

Cognizance of offence: No court shall take cognizance of any offence punishable under this act or any rules made thereunder except upon complaint in writing made by a

person authorised in this behalf by the Central Government or the State Governmnet."

(૨૧)એમ.એમ.ડી.આર. એકટની કલમ–૨૨ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કાયદા હેઠળ જો કોઈ ગુનો બનતો હોય તો તે અંગે સક્ષમ સત્તા અધિકારી ધ્વારા ફરીયાદ કરવી જોઈએ. ઉપરોકત જોગવાઈમાં મુખ્ય મહત્વના બે તત્વો છે જેમાં સક્ષમ સત્તા અધિકારીએ ફરીયાદ કરવી તથા ફરીયાદ શબ્દનો ઉલ્લેખ કરેલ છે. એમ.એમ.ડી.આર. એકટમાં ફરીયાદ (કમ્પ્લેઈન) શબ્દની વ્યાખ્યા કરવામાં આવેલ નથી. એમ.એમ.ડી.આર. એ સ્પેશ્યલ એકટ છે. પરંતુ, જો તેમાં કમ્પ્લેઈનની વ્યાખ્યા કરવામાં ન આવેલ હોય તો તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર(ડી) માં ફરીયાદ (કમ્પ્લેઈન) ની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે વંચાણે લેવી જોઈએ. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર(ડી) માં કમ્પ્લેઈનની વ્યાખ્યા કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે,...

Section–2(d) :– "complaint" means any allegation made orally or in writing to a Magistrate, with a view to his taking action under this Code that some person, whether known or unknown, has committed an offence but does not include a police report.

Explanation: A report made by a police officer in a case which discloses after investigation, the commission of a

non–cognizable offence shall be deemed to be a complain; and the police officer by whom such report is made shall be deemed to be the complainant.

(૨૨)ઉપરોકત કલમની વ્યાખ્યા વંચાણે લેતા તેના મહત્વના આવશ્યક તત્વો નીચે મુજબના ગણાવી શકાય.

૧. જ્ઞાત કે અજ્ઞાત વ્યક્તિએ ગુનો કર્યો હોવો જોઈએ.

૨. ગુના સંદર્ભે આ અધિનિયમ હેઠળ પગલા લેવા માટે લેખિત કે મૌખિક રજુઆત કરેલ હોવી જોઈએ.

૩. આવી લેખિત કે મૌખિક રજુઆત મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ કરવી જોઈએ અને તે ગુના સંદર્ભે કાર્યવાહી કરવા માટે હોવી જોઈએ. આમ, મેજીસ્ટ્રેટશ્રીને કોઈ ગુના સંદર્ભે જ્ઞાત કે અજ્ઞાત વ્યકિત વિરૂધ્ધ પગલા લેવા માટે લેખિત કે મૌખિક રજુઆતને ફરીયાદ (કમ્પ્લેઈન) ગણાવી શકાય.

(૨૩)ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨(ડી) ની વ્યાખ્યા વંચાણે લેતાં એમ.એમ.ડી.આર. એકટ કલમ–૨૨ હેઠળ જે કમ્પ્લેઈન કરવા અંગે જણાવેલ છે તે સક્ષમ સત્તા અધિકારી ધ્વારા લેખિત કે મૌખિક રજુઆત મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ તે કાયદા હેઠળ બનતા ગુના બાબતે કાર્યવાહી કરવા સારૂ રજુઆત કરવી જોઈએ. એમ.એમ.ડી.આર.માં કમ્પ્લેઈનની વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તે સંદર્ભે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨(ડી) વંચાણે લેતાં ગુનો બન્યાના સંદર્ભે પગલા લેવા માટે મૌખિક કે લેખિત આક્ષેપ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ કરવો

જોઈએ. તે અર્થમાં કલમ–૨૨ ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી તેથી આ કોર્ટ એમ.એમ.ડી.આર.ની કલમ–૨૨ ની જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેના ગુના સંદર્ભે કોગ્નીઝન્સ લઈ શકાય નહી અને જયારે કાયદાથી બાધ આવતો હોય ત્યારે તે કાયદા હેઠળ બનતા ગુના સંદર્ભે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ આ કોર્ટનુ માનવુ છે.

(૨૪)આમ, હાથ ઉપરના કેસમાં સમગ્ર રેકર્ડ, હકીકત અને દલીલો જોતા આરોપી નં.૧ ને તા.૦૪/૦૮/૨૦૧૯ નાં રોજ અટકાયત કરાયેલ છે જયારે આરોપી નં.૨ ને તા.૦૮/૧૧/૨૦૧૯ નાં રોજ અટકાયત કરાયેલ છે અને તેઓ સામે નીચેની કોર્ટમાં ચાર્જશીટ થયેલ છે અને બીજા એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં ફોજદારી કેસ નં.૮૪૨/૨૦૨૪ ની કમીટલ કાર્યવાહી કરી આ કોર્ટને ન્યાયિક કાર્યવાહી માટે મોકલેલ છે જયાં સુધી ખનીજ ચોરી અને મુદામાલના સંદર્ભનો પ્રશ્ન લક્ષમાં લઈએ તો  ચાર ટનનો બિલ્ડીંગ લાઈમસ્ટોન ની કિ.રૂા. ૨,૦૦૦/–ની ચોરીનો આક્ષેપ છે. જેમાં આરોપી નં.૧ ના એ નં.૨ ના પાસેથી વેચાતો લીધેલાનુ હાથ ઉપરના કેસમાં આક્ષેપ રહેલો છે. પરંતુ ઉપરોકત મહત્વની પાયાની હકીકત બાબતે કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રહેલો નથી તેમજ આરોપી નં.૧ પાસેની કસ્ટડી જે નં.૨ ને વેચવા માટે થઈને અને એકબીજાની મદદગારીનો આક્ષેપ અને તે મતલબનો એફ.આઈ.આર.માં કલમ ઉમેરાની પણ કાર્યવાહી ટ્રાયલ કોર્ટ સમક્ષ થયેલ છે અને આંક–૪૨ ના રજુ પંચનામાની બાબતોનો બંને પંચોને સરકારપક્ષે આંક–૪૧ અને આંક–૪૩ થી

તપાસેલા છે પરંતુ, તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે અને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ, કહેવાતુ ખનીજ ટ્રેકટર ટ્રોલી સાથે આરોપી નં.૧ ના કબજા ભોગવટામાંથી મળી આવ્યાની બાબત શંકાસ્પદ બની જાય છે અને આ હકીકતને સ્વતંત્ર પુરાવાથી લેશમાત્ર સમર્થન રહેલુ નથી. અન્ય પોલીસ સાહેદો કે જે રસ ધરાવતા સાહેદો છે અને બચાવપક્ષના વકીલશ્રી વી.જી.પરમારની રજુઆત અને દલીલને લક્ષમાં રાખતા આ કામે કહેવાતા ખનીજ ચોરીના સંદર્ભમાં કોર્ટની પરવાનગી લીધેલાનો આધાર પુરાવો છે નહી અને તેવી તપાસના સંદર્ભમાં પોલીસ સાહેદોના નિવેદન ઉપર આધાર રાખવુ અથવા પુરાવા ઉપર આધાર રાખવો એ કેસની હકીકત સંજોગો જોતા ન્યાયિક જણાતુ નથી અને શ્રી વી.જી.પરમારની આ બાબતની રજુઆત અને દલીલ સ્વીકારવાલાયક રહેલ છે તેમ હું ઠરાવુ છું. આંક–૪૪ થી ફરીયાદ કરનાર ફરીયાદીનો પુરાવો જોતા પણ બચાવપક્ષે તેઓની કરાયેલ ઉલટતપાસ જોતા નીચ મુજબ આંક–૪૪ થી જણાય આવે છે જે ધ્યાને લેવા યોગ્ય ગણુ છું.

" એ વાત ખરી છે કે, અમો કયા વાહનમા પેટ્રો. માં હતા તેના નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ અમો કેટલા વાગ્યે પહોચેલા તેનો સમય મે આપેલી ફરીયાદમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાછોડા ગામવાળો રોડ રસ્તો જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પંચોના નામ મે આપેલ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ખનિજ ખાતાના કોઇ અધિકારીનૃે જે તે વખતે જાણ કરીને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો બનાવવાળી જગ્યાના સ્થાનિક રહીશો નથી.સવાલ : ખનીજ ચોરીની ફરીયાદ

ખાણ ખનીજના સક્ષમ અધિકારીએ કોર્ટમાં કરવાની હોય છે તમને ફરીયાદ આપવાની રહેતી નથી ?જવાબ : ખનીજ ચોરીની આઇ પી સી ક.૩૭૯, ૧૧૪ ની ફરીયાદ છે.  એ વાત ખરી નથી કે હકિકતમાં કામગીરી બતાવવામાં માટે મે આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. "

(૨૫)આમ, જયારે બનાવવાળુ સ્થળ એ જાહેર રસ્તો છે અને લોકોની તથા વાહનોની અવરજવર છે અને પંચો સિવાય બીજા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન પણ આ કામે ત.ક.અ. જેઓને સરકારપક્ષે આંક–૬૧ થી તપાસેલા છે તેમની ઉલટતપાસ ઘ્યાને લેવામાં આવે તો એવી છે કે, " એ વાત ખરી નથી કે, મે કોઇ આરોપીને અટક કરેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામે કોઇ  કલમ ઉમેરો થતો ન હોવા છતાં ખોટી રીતે કલમ ઉમેરાનો  રીપોર્ટ કરેલ છે.એ વાત ખરી નથી કે, આરોપી વિરૂઘ્ઘ પુરતો પુરાવો ન હોવા છતાં મારી સાથી કર્મચારીએ આપેલ ફરીયાદને સમર્થન આપવા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ."

આમ, આ કામે જી.બી.ગોહીલ તથા શ્રી અખેડના પુરાવા અને તપાસમાં થયેલ કામગીરીની આંક–પ૩થી તેમને બનાવ અંગેની કેટલીક તપાસ કરેલ છે તેમની ઉલટતપાસ જોતા પણ હાથ ઉપરના કેસમાં ઉપરોકત તમામ ચર્ચા મુજબ આરોપી નં.૧ ની પાસેનો બીલ્ડીંગ લાઇમસ્ટોનનો કબ્જો મળ્યાની હકીકત અને તે આરોપી નં.ર પાસેથી તેને વેચાતુ લીઘેલાનુ કોઇ આઘાર પુરાવો આ કામે સરકારપક્ષે રજુ રાખેલ નથી  સરકારપક્ષે શંકાથી પર આરોપી સામેનો કેસ સાબીત કરતા નથી તેમ હું માનુ છું અને ઠરાવુ છું અને આરોપીઓએ તેવો કોઈ

શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો હોય તેવું પણ રજૂ પુરાવાઓથી શંકાથી પર રહીને ફરીયાદપક્ષ સાબીત કરતુ નથી ત્યારે બચાવપક્ષનો બચાવ ધ્યાને લેતા આ કામમાં ઉપરોકત સમગ્ર હકીકતો જોતા આરોપીઓ સામે મુકાયેલ આંક–૧ ના ચાર્જશીટના આક્ષેપો તથા આંક–૨૫ના તહોમતો શંકાથી પર ફરીયાદપક્ષ સાબીત કરતુ નથી આ તમામ સંજોગોમાં ફરિયાદપક્ષ મુદા નં. ૧ ની હકીકતો પોતાની તરફેણમા નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય તેમ ઠરાવી **મુદા નં.૧નો જવાબ હું ઉપરોકત ચર્ચા મુજબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.**

–

## : આ ખ રી હુ ક મ :

**૧.** આ કામના આરોપી નં.(૧) રાજુભાઈ દુદાભાઈ સોલંકી, ઉ.વ.૨૩, ધંધો. ડ્રાઈવીંગ રહે.ગડુ ગામ, તા.ભાણવડ જી.દેવભુમીદ્વારકા (૨)ધીરૂભાઈ રામભાઈ હુણ,ઉ.વ.૩૩, રહે.પાસ્તરડી ગામ, વાડીવિસ્તાર,તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકાવાળાઓને સી.આર.પી.સી કલમ– ૨૩૫(૧) હેઠળ એમએમઆરડી એકટની કલમ–૪(૧)અ તથા ૨૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપીઓને સી.આર.પી.સી. કલમ–૨૩૫(૨)હેઠળ આઇ.પી.સી. કલમ–૩૭૯ તથા ૧૧૪ મુજબના સજાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦(અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

**૪.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કોઈપણ સક્ષમ અદાલતનો થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે કોઈ હુકમ ન થયેલ હોય તો સી.આર.પી.સી. કલમ–૪૫૨ નીચે ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨ મી માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૨૨–૦૪–૨૦૨૫.

(કે. એ. પઠાણ)
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
**GJ00347**